# પેપ્સીકો ઈન્ડીયાનો ઝીરો વેસ્ટ મેનેજમેન્ટનો અનોખો કાર્યક્રમ - એક્સનોરા

અમદાવાદ

હેતુલક્ષી કામગીરીની પોતાની નિષ્ઠા દોહરાવતાં પેપ્સીકો ઈન્ડીયાએ એક્સનોરાના સહયોગથી ઉત્તર ભારતમાં પાણીપત મ્યુનિસીપાલીટીમાં એક અનોખો ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ કાર્યક્રમ હાથ ધર્યો છે. પેપ્સી અગાઉ દક્ષિણ ભારતમાં આવા ચાર પ્રોજેક્ટ સફળતાપૂર્વક હાથ ધરી શકી છે. ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન પેપ્સીકો ઈન્ડીયાના સીઈઓ શ્રી સંજીવ ચઠ્ઠા અને પાણીપત મ્યુનિસીપલ કોર્પોરેશનના અધ્યક્ષ વિનોદ વાડેરાએ કર્યું હતું. આ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરતાં પેપ્સીકો ઈન્ડીયાના સીઈઓ શ્રી સંજીવ ચઠ્ઠાએ જણાવ્યું હતું કે, "પરફોર્મન્સ વિથ એ પર્પઝ' આજના કરતા આવતી કાલને બહેતર બનાવવાનો પ્રયાસ છે. ખાસ કરીને પર્યાવરણને થતી વિપરીત અસરો નિવારવાનો અમારો ઉદ્દેશ છે. પાણીપત ઉત્તર ભારતમાં આ પ્રકારનું પ્રથમ એકમ બની રહેશે. અમે ઉત્તર ભારતમાં આવા વધુ પ્રયાસો કરવા ઈચ્છીએ છીએ." (૧૯-૧)